R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 06 • ISSUE : 06 • PAGES : 40 • MUMBAI • DATE : 20TH JANUARY 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




6D 0301
0045
SIL 3 IEC 61508
ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**



કચ્છમાં સ્થાયી થવા માટે ઘણા લોકો આગ્રહ કરતા હોય છે. શ્રી સોમભાઈ ધરમશી ભૂકંપ પછી કચ્છમાં સ્થાયી થયા છે અને કચ્છના તેમના અનુભવોને આધારે તેમણે આ લેખ લખ્યો છે જેને આ અંકમાં તંત્રીલેખ તરીકે લીધો છે. મને આશા છે કે પ્રકાશ સમીક્ષાના વાચકોને શ્રી સોમ ધરમશીનો આ લેખ ગમશે.

તમારા પ્રતિભાવ **kdoprakash@gmail.com** પર મોકલવા વિનંતી.

**– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150**

# કચ્છમાં સ્થાયી થવાના ૯ સોનેરી કારણો

*ઈ.સ. ૨૦૦૧માં કચ્છમાં આવેલ ધરતીકંપે વિનાશ તો સર્જ્યો પણ કચ્છી કવિએ કહ્યું છે તેમ ''કચ્છડો વંકો, કચ્છી વંકા જેંજા સારે જગમેં ડંકા'' કચ્છનું ઉત્તમ પ્રગતિશીલ નવસર્જન કર્યું છે.*

*નવસર્જન માટે શ્રી અટલજીએ, શ્રી નરેન્દ્ર મોદી પર પસંદગી ઉતારી અને ૭ ઓક્ટોબર ૨૦૦૧થી તેમણે ગુજરાત રાજ્યની ધુરા સંભાળી તેમને સતત ચાર ટર્મ સુધી ગુજરાતની પ્રજાએ ખોબલે ખોબલે મત આપી ફરીથી ચુંટ્યા. ગુજરાતનાં વિકાસમાં સંઘનાં મંત્રી તરીકેની તેમની કામગીરી મદદે આવી.*

*હું નિવૃત્ત થઈ કચ્છમાં ૨૦૦૩-૨૦૦૪માં સ્થાયી થયો છું. કચ્છમાં સ્થાયી થવાના ૯- સોનેરી કારણો આપવા છે જેથી કેટલીક વ્યક્તિઓ ભીડ ભડાકા અને પ્રદુષણની ગુંગળામણથી છુટકારો મેળવી કચ્છમાં સ્વસ્થ જીવન ગુજારી શકે.*



**કચ્છમાં સ્થાયી થવાના આ છે સોનેરી કારણો :-**

*(૧) કચ્છની આબોહવા : શિયાળે સોરઠ ભલો... ઉનાળે ગુજરાત વરસે તો વાગડ ભલો... અસાંજો કચ્છડો બારે માસ. આનાથી વધારે હું શું કહું. છેલ્લા દસ વર્ષમાં કચ્છમાં થયેલ Greenery નાં વિકાસનાં કારણે મેઘરાજાની પણ મહેર છે.*

*(૨) મળતાવડા માણસો : અહિંના માણસ પર વિશ્વાસ મુકી શકાય અને જલ્દીથી મૈત્રી કેળવી શકાય.*

*(૩) કચ્છનું ભૌગોલિક સૌંદર્ય : કચ્છને વિશાળ દરિયા કાંઠો, પર્વતોની માળા, મેદાનો તેમજ રણ મળ્યા છે. જે પર્યટનો માટે ઉજળી તકો ઉભી કરે છે.*

*(૪) ધંધા-રોજગાર : અહિં ઔદ્યોગિક એકમોનો વિકાસ થવાથી રોજગાર-ધંધાની ઉજળી તકો.*

*(૫) સસ્તાઈ : અન્ય જિલ્લાની સરખામણીમાં સસ્તાઈ હોવાથી ગુજરાન સારી રીતે ચાલી શકે.*

*(૬) તબીબી સુવિધા : જિલ્લાનાં તાલુકા મથકોમાં સુંદર સ્વચ્છ હોસ્પિટલો, નિષ્ણાંત ડોક્ટરો સાથે સેવા માટે હાજર છે. કેટલીક હોસ્પિટલો સખાવતી ટ્રસ્ટો દ્વારા ચલાવાય છે તેથી સારવાર સસ્તી છે ઉદાહરણ તરીકે સર્વોદય હોસ્પિટલ બિદડા, ભોજાય, ભચાઉ, સ્વામિનારાયણ ટ્રસ્ટ દ્વારા ભુજ ખાતે.*

*(૭) શૈક્ષણિક ક્ષેત્રે : ગુજરાતી-અંગ્રેજી માધ્યમોની શાળાઓ, જુદા જુદા ક્ષેત્રની કોલેજો ઉચ્ચ શિક્ષણ માટે હાજર છે.*

*(૮) ધાર્મિક સભા : અહીં દરેક જાતિનાં ભાઈઓ-બહેનો રોકટોક વગર કોઈપણ ધર્મની આરાધના કરી શકે છે. જૈનોની પંચતીર્થી પ્રખ્યાત છે.*

*(૯) પર્યટનનાં સ્થળો : ગુજરાત સરકારે પર્યટનને સહાય આપી હોવાથી કચ્છનું રણ, ભુજનાં જોવા લાયક સ્થળોનો વિકાસ થયો છે. કચ્છમાં લગભગ દર વર્ષે પાંચ લાખથી પણ વધુ પર્યટકો આવે છે.*



**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ
મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
શિલ્પાબેન અજાણી
ઍડ. કેતન મધુકાંત લોડાયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
ઍડ. શૈલેશ સનત્ શાહ
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**વૉલ્યુમ : ૦૬, અંક : ૦૬, તા. ૨૦-૦૧-૨૦૨૬**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. - **તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

*મારો આ લેખ વાંચ્યા પછી નથી લાગતું કે કચ્છમાં સ્થાયી થવા જેવું છે?*

*છેલ્લા ૧૫ વર્ષોમાં કચ્છમાં વસવાટ દરમ્યાન મેં દરેક ક્ષણને માણી છે. અમે બન્ને જણા જિંદગીને મોજથી માણી રહ્યા છીએ. ભુજમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો, ડાયરાઓ, જુદા જુદા સ્થળોની મુલાકાતો... તેથી કચ્છમાં અનુભવથી સ્થાયી થવાનાં ૯ કારણો શોધી કાઢ્યા છે. આપ એમાંથી પસાર થાવ તો કદાચ આપને પણ પ્રદુષણ ભરેલ ધમાલિયા જીવનમાંથી બહાર આવી કચ્છમાં શાંતિપૂર્ણ જીવન જીવવાની ઈચ્છા થશે.*

*કવિ નિરંજન ભગતની કવિતા કચ્છ વિશે ઘણું કહી જાય છે...*

*હેમાળે વટ પોગો નિરંજન, ધીણોધર સંભરન...*
*મુંજી માતૃભૂમિને નમન.*

**(કચ્છમાં સ્થાયી થવા ઈચ્છતા ક.દ.ઓ. જ્ઞાતિજનો વધુ વિગત માટે નિઃસંકોચ મારો સંપર્ક સાધી શકે છે.)**



**- સોમ ધરમશી**
**મો. ૯૭૨૬૭ ૭૬૬૨૭**

## તંત્રીની વિશેષ નોંધ

ડો. વીરચંદ નાગડા પોતાના જ્ઞાનના ઉપયોગથી કેટલાય નાના-મોટા રોગોથી દૂર રહેવાની સરળ સમજ તેમજ રોગ મુક્તિની જાણકારી 'પ્રકાશ સમીક્ષા' દ્વારા જ્ઞાતિજનોને અવિરત આપતા રહે છે. અન્ય લોકોને પણ આ માહિતી મળે તે માટે તેમણે પુસ્તક છપાવી વિતરણ કર્યું પણ આ ૪૦૦-૫૦૦ લોકો પૂરતું સીમિત રહ્યું. તેથી વધુને વધુ લોકોને આ માહિતી મળી શકે તે માટે તેમણે હાલ youtube પર વિડીયો અપલોડ કર્યા છે. **ડો.વીરચંદ લખમશી નાગડાની યુટ્યુબ** ચેનલની લીંક

https://youtu.be/8RN4R7qDXY?si=XPqUGgur8-WVhZ4I

જે કોઈ જ્ઞાતિજનો આ વિષયને જોતી વખતે આ ચેનલને subscribe કરશે તેઓને નવા વિડિયો મુકશે તેની જાણ થતી રહેશે.

**- CA હીરાચંદ પ્રમિલાબેન દામજી દંડ**

**સ્મૃતિ વિશેષ**

# આપણી જ્ઞાતિ ઈતિહાસનો કરૂણ અધ્યાય : ૧૯૪૪નો ગોદી ધડાકો - ૬



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

૧૪ એપ્રિલ ૧૯૪૪ના રોજ બપોરે ૪:૩૪ વાગ્યે બીજા ધડાકા બાદ વિક્ટોરિયા ડોક વિસ્તારમાં લાગેલી આગ પછી બોમ્બે ભય અને અનિશ્ચિતતામાં ફસાઈ ગયું. ફાયર બ્રિગેડ અને બચાવ દળો આગ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પરંતુ માત્ર અર્ધા કલાકમાં જે બન્યું તે બોમ્બેના ઈતિહાસમાં સૌથી ભયંકર અધ્યાય બની ગયું. આ બીજો વિસ્ફોટ પહેલાનાં કરતાં ત્રણ ગણો વધુ શક્તિશાળી હતો. પહેલો વિસ્ફોટ બાજુથી ફાટી નીકળ્યો હતો, જેથી તેનો થોડો આંચકો પાણીમાં અને સાઈડમાં સમી ગયો હતો. પરંતુ બીજો વિસ્ફોટ સીધો ઉપર ગયો, અને ૧,૦૦૦ મીટર ઊંચાઈ સુધી સળગતું લોખંડ, લાકડું, સોનું, કપાસ અને દારૂગોળો ઉછળ્યા અને આકાશમાં વિશાળ મશરૂમ જેવું ધુમાડાનું વાદળ ઊભું થયું.

વિસ્ફોટની તીવ્રતા એટલી પ્રચંડ હતી કે વિક્ટોરિયા ડોક અને પ્રિન્સ ડોક વિસ્તાર એક ક્ષણમાં ખંડેર બની ગયા.

- જમીન થથરી ઉઠી, ટ્રામ લાઈનો તૂટી ગઈ, રેલવે યાર્ડના ડબ્બા ઉડી ગયા, ક્રેનો/ગોડાઉનો તૂટી ગયા
- લોખંડ, લાકડાં, કપાસની ગાંસડીઓ, ગોળા-બારૂદ અને સોનાની ઈંટો આકાશમાં ઉડી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં વરસી. ૧૨-૧૩ કિલોની સોનાની ઈંટો ૪-૫ કિ.મી. સુધી ઉડી.
- એસ.એસ. ફોર્ટ સ્ટિકીનનો પાછળનો ભાગ પૂરેપૂરો ઉડી ગયો.
- જહાજનો એક પંખો (પ્રોપેલર) જે વહાણને આગળ ચલાવવાનું કામ કરે છે તે ચાર કિલોમીટર દૂર જઈને પડ્યો.
- સેંકડો મકાનો, ગોડાઉનો , ઓફિસો ધરાશાયી થયા,
- દરિયાના પાણીમાં એટલા મોટા મોજાં ઊછળ્યા કે ૫૦૦૦ ટનનું જપલાંડા જહાજ બંદરના ગોડાઉનના છાપરાં પર જઈ પડ્યું
- ઠેઠ ૧૨-૧૩ કિ.મી. દૂરનાં મકાનોના કાચ ભાંગી ગયા.
- વીજળી-પાણી જેવી મૂળભૂત સેવાઓ ખોરવાઈ ગઈ.
- લોકો જીવ બચાવવા માટે રસ્તા ઉપર દોડવા મંડ્યા.
- પુણે અને ૧,૭૦૦ કિ.મી. દૂર સીમલા વેધશાળાના સિસ્મોગ્રાફમાં પણ ધ્રુજારી નોંધાઈ

બીજા વિસ્ફોટ બાદ દક્ષિણ બોમ્બેના અનેક વિસ્તારો- દાણા બંદર, મસ્જીદ બંદર, ભાત બજાર, નરસી નાથા સ્ટ્રીટ, કાઝી સૈયદ સ્ટ્રીટ, ઝવેરી બજાર, ભીંડી બજાર, નળ બજાર, પ્રિન્સેસ સ્ટ્રીટ-આગની ઝપટમાં આવી ગયા. બંદર પાસેના સમુદ્રમાં તેલ પાણીની સપાટી પર તરતું હોવાથી પાણી પણ સળગી રહ્યું હતું. જીવ બચાવવા ઘણા લોકો દરિયામાં કૂદ્યા, પરંતુ ત્યાં પણ આગ હતી.

દાણાબંદરના ગોદામો સળગ્યા, દવાના, ગાંધિયાણાના કાળા બજારો કરવા સંગ્રહ કરેલા ગોદામો સળગ્યા, પવન પણ પુરપાટ ઝડપે, આગનું પેટ ખુલ્યું હતું અને વધુ મકાનો હોમાતા જતા હતા. હજારો નાગરિકો ઘરોમાં ફસાઈ ગયા. માતા-પિતાએ બાળકોને ઉઠાવી ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભીડમાં અનેક પરિવારો વિખૂટા પડી ગયા. રસ્તાઓ પર ઘોડાગાડી, ગાડાં, ટ્રામ અને વાહનો આગમાં ઘેરાઈ ગયા; પ્રાણીઓ ચીસો પાડતા સળગી ગયા. એક પારસી વૃદ્ધની છત પર ભારે સોનાની ઈંટ તૂટી પડી. ઈમારતોની ટોચ ટાઈલ્સની હતી. પ્રિન્સેસ સ્ટ્રીટમાં, પ્રામાણિક પારસીએ તેને પોલીસ સ્ટેશનમાં પરત કરી દીધી. ઈમાનદારી બદલ સરકારે ઈનામ આપ્યું તે પણ રિલીફ ફંડમાં આપી દીધું.

વિસ્ફોટના આંચકાથી ગોદીના પ્રવેશદ્વારો સંપૂર્ણ રીતે અસ્તવ્યસ્ત થઈ ગયા હતા-સ્વિંગ બ્રિજ ખસી ગયા, જહાજો ડૂબી ગયા અને જહાજના ધ્વજ થંભ, તેણે બાંધવાના તારો, દોરડા, સાંકળોના કચરાથી ડોકના પ્રવેશમાર્ગો બંધ થઈ ગયા હતા. બંદર વિસ્તારની ઈમારતો અને માળખાં એટલા ભયંકર રીતે નુકસાન પામ્યા હતા કે આખું બંદર ખંડેરમાં ફેરવાઈ ગયું હતું.

બોમ્બે ફાયર બ્રિગેડે શરૂઆતથી જ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બીજા ધડાકા પછી સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ બહાર ગઈ. ઘણા ફાયર એન્જિનો તૂટી ગયા, પાણીની લાઈનો તૂટી જતા દરિયાથી પાણી ખેંચવું પડ્યું. અનેક બહાદુર ફાયરમેન શહીદ થયા કે ઈજાગ્રસ્ત થયા. ફાયર બ્રિગેડના વડા નોર્મન કૂમ્બ્સે ડોક વિસ્તાર લશ્કરને સોંપી, પોતાની બચેલી ફોજને રહેણાંક વિસ્તારો બચાવવા મોકલી. આગ ઉત્તર તરફ શહેરની અંદર ઘૂસી રહી હતી ત્યારે અગ્નિશામક દળ પાસે પૂરતા સાધનો નહોતા. માત્ર પાણી છાંટીને આગ રોકવી અશક્ય હતી. અંતે નક્કી થયું કે આગ વધુ ન ફેલાય તે માટે કેટલાક મકાનો આગની દિશામાં આવતા વિસ્તારનો એક ચોથાઈ માઈલનો પટ્ટો તોડી પાડવો પડશે.

એ સમયે લાકડાના જોડાજોડ મકાનો હતા તેથી આગ ફેલાતા વાર ન લાગી. લશ્કરી ટૂકડીઓ કામે લાગી ગઈ. હવે સરકારી મુશ્કેલી આગ ઓલાવવા કરતાં આગળ વધે તે રોકવાની બની ગઈ. પૂરો વિસ્તાર પોલીસ/મિલીટરીને કબજે. સૈનિકોને આદેશ મળ્યો કે એ વિસ્તારમાં રહેનાર લોકોને જબરદસ્તી હટાવીને ઘરો ખાલી કરાવવા. માલ-મિલકતનો વીમો ઉતરાવવાની પ્રથા ત્યારે ખાસ પ્રચલિત ન હતી એટલે જેમનું ગયું એમનું બધું જ ગયું. ઘણા લોકો, હજુ પણ આઘાતમાં હતા. આગથી જલી રહેલ પોતાની બિલ્ડીંગ પાસે ઊભા રહી કેટલાક લોકો પોતાના ઘર માટે પોક મૂકીને રડતા હતા તો કેટલાક પોતાના મકાનમાં જઈને કિંમતી ઘરેણાં વગેરે લેવા જવા માટે પોલીસને આજીજી કરી રહ્યા હતા. પણ કોઈ માનવા તૈયાર નહીં. આખરે થાકી, જે હાથમાં હતું તે લઈ રસ્તા પર નીકળી ગયા. આગગ્રસ્ત મકાનોને અડીને આવેલા પહેલા-બીજા મકાનો, આગની ગરમીને લીધે તોડવા મુશ્કેલ, એટલે ત્રીજું -ચોથું મકાન સૂરંગથી ઉડાડવા મંડ્યા જેથી આગ ફેલાતી રોકી શકાય..

ફાયર બ્રિગેડ, લશ્કરી દળો અને સ્વયંસેવકોએ જીવના જોખમે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી. હોસ્પિટલોમાં ઘાયલોની ભરમાર થઈ અને અનેક મૃતદેહોની ઓળખ કરવી શક્ય રહી નહીં. માત્ર બે કલાકમાં સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં ૨૩૧ ઘાયલો લાવવામાં આવ્યા અને કેઝ્યુલ્ટી વિભાગમાં વધુ ૧૪૦ ને સારવાર આપવામાં આવી. નર્સો, ડોક્ટરો, રેડક્રોસ, ભારતીય અને બ્રિટિશ સૈનિકોએ જીવના જોખમે સેવા આપી. હોસ્પિટલની લોબીથી છત સુધી લાશોના ઢેરથી ખડકાઈ ગયા.

વિસ્ફોટ પછી સૌથી મોટું જોખમ હતું-ડોકમાં ઊભેલા અન્ય વિસ્ફોટક ભરેલા જહાજો. ક્રુઝર એચ.એમ.એસ. સસેક્સ પરથી આવેલા સર્ચલાઇટના પ્રકાશમાં ભારતીય, બ્રિટિશ અને અમેરિકન સૈનિકો, નાવિકો અને બંદર અધિકારીઓએ એલેક્ઝાન્ડ્રા ડોકમાંથી ૧૬ જહાજોને દરિયામાં ખસેડ્યા. તેમાંથી સાતમાં વિસ્ફોટકો ભરેલા હતા. અનુભવ વગરના લોકો ટગબોટ હાંકતા હતા. આ અત્યંત જોખમી કામગીરીને ૧૯ કલાક લાગ્યા, પરંતુ એકપણ જહાજ ખુવાર થયું નહીં. ૩૯,૩૯૮ બોક્સ ગોળા-બારુદ (દરેક બોક્ષનું વજન બાવન કિલો) સુરક્ષિત ખસેડવામાં આવ્યા. જો આ ન થયું હોત તો મુંબઈનું અસ્તિત્વ જોખમમાં આવી પડ્યું હોત. નર્સોની એક ટુકડીએ પ્રથમ સારવાર કેન્દ્ર ઉભું કર્યું. તેઓ આખી રાત કામ કરતા રહ્યા-પ્રકાશ માટે ફક્ત જ્વાળાઓ જ હતી. રેડ ક્રોસની યુવતીઓએ સળગતા ગોડાઉન વચ્ચે મોબાઇલ કેન્ટીન ઊભું કર્યું. તેમના આસપાસ દર થોડી મિનિટે ગોળા-બારુદ ફાટતા હતા, છતાં તેઓ ત્યાં જ રહ્યા. ત્યાં સુધી કે દરેક ફાયરમેન અને રાહત કાર્યકરને પીવાનું પાણી મળી ન જાય. ત્રીજા દિવસે શહેરનું મુખ્ય વેપારી કેન્દ્ર, બેલાર્ડ એસ્ટેટ, બચાવી લેવામાં આવ્યું. ચોથા

દિવસે આગ કાબુમાં આવી ગઈ પરંતુ હજી ધગતી રહી.

કોઈને લાગ્યું ભૂકંપ આવ્યો, કોઈએ માન્યું વિમાનમાંથી જાપાની મનવારોએ આવી દરિયામાંથી તોપના ગોળા વરસાવ્યા. કોઈ કહે ગોદીમાં રહેલી પેટ્રોલની ટાંકીઓ કોઈ ભાંગફોડીયાએ ઉડાવી, કોઈ કહેતા દારૂગોળાથી ભરેલ ગોદામોને કોઈએ ફૂંકી દીધા, એવી તરહ તરહની વાતો થવા માંડી. લોકો બિલ્ડીંગમાંથી બહાર નીકળી રસ્તાઓ પર ટોળે વળી જુદી જુદી અટકળો બાંધતા હતા. કોઈના મોં પર ચિંતા તો કોઈના ચહેરે અજાયબી તો કોઈકના મોઢે વેદના હતી. યુદ્ધનો સમય હોઈ, સાચા સમાચારો બહાર ન પડતા લોકો ચિંતિત. અફવાઓનો છૂટો દોર. બીજા દિવસે માત્ર ટૂંકા સમાચારો છપાયા.

વિક્ટોરિયા અને પ્રિન્સ ડોક્સમાં કુલ ૧૧ જહાજો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા (આશરે ૫૦,૦૦૦ ટનનું નુકસાન થયું) જેમાં એસ.એસ. ફોર્ટ સ્ટિકીન, એસ.એસ. જપાલાંડા, એસ.એસ.એલ. હિંદ, એસ.એસ. એલ. ફરાગ, એસ.એસ. ટિનોમ્બો, એસ.એસ. જનરલ વાન સ્વાઇટન, એસ.એસ. ગ્રાસિઓસા, એસ.એસ. બરોડા, એસ.એસ. ઇરાન, એસ.એસ. જનરલ વાન ડેન હેડન અને એસ.એસ. કિંગયુઆનનો સમાવેશ થાય છે. બાકીના ૯ જહાજો ભારે નુકસાન છતાં બચી ગયા – જેમાં એસ.એસ. એમ્પાયર ઇન્ડસ, એસ.એસ. નોર્સ ટ્રેડર, એસ.એસ. ફોર્ટ ક્રેવિઅર, એસ.એસ. બેલરે, એસ.એસ. જલવિજય, એસ.એસ. ચાંગોન, એસ.એસ. કેપ્સા, એસ.એસ. બ્રાગાંઝા અને એસ.એસ. પદ્માવતીનો સમાવેશ થાય છે.

આફતના સમયે અનેક જાતિ–સમુદાયો એકબીજાની મદદે આવ્યા.

- લાખોની વસ્તુઓ રેઢી પડી રહી અને ઘણી જગ્યાએ ચોરીઓ થઈ.
- દાનવીર વેપારીઓએ અનાજ, કપડાં અને નાણાં આપી પીડિતોને સહાય કરી.
- અનેક સમાજોએ પોતાના ધર્મ–સ્થળોને રાહત કેમ્પોમાં ફેરવી દીધા.
- રાહતના રસોડા શરૂ થયા. એક- બે ટંક જમી લોકોની વણઝાર અવિરત આગળ વધી રહી હતી
- આ રીતે જાતિભેદ ભૂલીને લોકો એકબીજાને સંભાળવા ઊભાં રહ્યાં.
- ગોડીજી દેરાસરે કોઈપણ ધર્મના ભેદભાવ વગર મંદિરની પાછળની જગ્યામાં ખાવા પીવા રહેવાની સગવડ કરી આપી ૧૨૦૦ જેટલા માણસોને આશરો આપ્યો. બીજા દિવસે જરૂરી કપડાંની રાહત, રસોડું ચાલુ કર્યું, દેશમાં જવું હોય એમને ટિકિટો કઢાવી આપી

(નોંધ આ વિસ્ફોટથી આપણી જ્ઞાતિને કેટલું સહન કરવું પડ્યું, કેવી રાહત મળી તેની વિગત આવતાં અંકે જોઈશું. થોડા વાંચકોએ પોતાના અનુભવો, સાંભળેલી વાતો જણાવી છે તે આગામી લેખોમાં આવરી લેવાશે. હજુ પણ કોઇની પાસે જાણકારી હોય તે મોકલી આપવા વિનંતી). (ક્રમશઃ)


❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**Old is Gold But Gold is never Old**

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

વનિતા વિશ્વ

# થોડું - થોડું હસો



- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com

ઘણા વર્ષો એટલે કે ૪૦- ૪૫ વરસ પહેલાં ની વાત છે. હું કંઈક પેઈન્ટિંગ બનાવી રહી હતી. મારો દીકરો મને હંમેશા જોતો કે મારી મમ્મી હંમેશા કંઈક બનાવતી હોય છે. ક્યારેક રામ, ક્યારેક ક્રિષ્ણ અથવા ક્યારેક શંકર. પણ એના મનમાં કેટલાય દિવસથી એક સવાલ ઉઠી રહ્યો હતો અને એક દિવસ અચાનક મને પૂછી જ લીધું. મમ્મી, આ બધા ભગવાન  વાળ કેમ લાંબા - લાંબા રાખે છે? અને દાઢી, મુછ કેમ રાખતા નથી? જ્યારે રાવણ કે કંસ જેવા વિલન વાળ પણ લાંબા અને દાઢી, મુછ પણ મોટી- મોટી. ખરેખર આ સવાલ સાંભળીને પહેલા તો મને ખૂબ હસવું આવ્યું. પછી મને એની નિરીક્ષણ શક્તિ પર ખૂબ આનંદ થયો. આપણે એવું કદી વિચારતા નથી. પણ એના સવાલનો જવાબ એ જ છે સારા માણસો soft દેખાય એ માટે દાઢી મૂછ ન રાખે અને ખલનાયકને ક્રૂર દેખાડવા માટે એમના દાઢી મુછ મોટી- મોટી રાખતા હશે. નહીં? જેને જોતાં આપણે થોડા ડરી જઈએ અને થોડી નફરત પણ થાય. કેમ બરોબર ને?

૨૦- ૨૨ વરસ પહેલાં ની વાત છે. મારા દીકરાના લગ્ન લેવાઈ ગયા હતા. અચાનક અમારા વહુરાણીના cousin ભાઈ, પોતાની બહેનને મળવા આવેલા. લગ્ન બાદ પહેલીવાર બહેનને મળવા આવ્યા હતા. જોયું તો એમના એક કાનમાં કંઈક મશીન જેવું લગાવેલું હતું. મને થયું; અરર! આ શું? આટલી નાની ઉંમરમાં એમને બહેરાશપણું આવી ગયું કે શું ? એમના ગયા બાદ મેં મારા દીકરા વહુને પૂછ્યું, ફલાણા ભાઈને આટલું જલ્દી બહેરાશપણું કેમ આવી ગયું? એવું તે શું થયું? ત્યારે બંને જણા જોર - જોરથી હસવા લાગ્યા. હસવાનું પૂરું થયું ત્યારે મને કહે કે મમ્મી, એવું કંઈ નહોતું. એને બ્લુટુથ કહેવાય, એટલે કે એ કાનમાં લગાવીએ તો પછી મોબાઇલને હાથમાં પકડવાની જરૂર ના હોય. મોબાઈલ ખિસ્સામાં હોય અને એ લોકો છૂટથી ખુલ્લા હાથે વાતો કરી શકે. ઓહ!

હવે તો બહુ નાના, decent અને sophisticated Blue tooth આવી ગયા છે. લગભગ દરેકના કાનમાં હોય છે એટલે હવે બહુ વિચિત્ર લાગતું નથી; છતાં બધા જ્યારે રોડ પર હાથમાં મોબાઈલ વગર બોલતા - બોલતા વાતો કરતા જતા હોય ત્યારે એમ જ લાગે કે બધા લોકો ગાંડાઓની જેમ શું બડબડ કરે છે? કેમ બરોબર ને ?

હમણાં જ થોડા વર્ષો પહેલાં એક નવી ફેશન આવી છે. જેમને જુઓ એમને એમાં સ્ત્રીઓ હોય, કોલેજ જતી કન્યાઓ હોય કે નાની- નાની ભૂલકી હોય બધાના ડ્રેસમાં સ્લીવ તો હોય, પરંતુ બરાબર ખભા (shoulder) પાસે જ hole એટલે કે કાણો હોય. એ ડ્રેસ જોઉં અને મને જૂની ફિલ્મોની યાદ આવી જાય. જેમાં કોઈ બળાત્કારનો સીન બતાવવો હોય, તો હિરોઈનના બ્લાઉઝ ખભામાં જ ફાટેલો બતાવે અને બહુ બહુ તો વાળ પિંખાયેલા હોય. બીજી કોઈ અશ્લીલતા નહીં. છતાં આપણે સમજી જતા કે એ બિચારી ઉપર ગુંડાઓએ બળાત્કાર કર્યો છે. પણ આજે તો જેને જોઈએ એ બધા ફેશનના નામે એવા જ ડ્રેસ પહેરે છે.

મારે કોઈને દુઃખ પહોંચાડવાનો કે કોઈના મનને hurt કરવાનો ઈરાદો નથી. આ તો ઘર ઘરની વાત છે. બધા જ પહેરે છે. પણ કેવું વિચિત્ર નહીં ?

આતો જસ્ટ fun ખાતર. મારા મનમાં જે વિચાર આવ્યા તે સમયે તેને પ્રસ્તુત કર્યા છે.

JUST READ IT  FORGET IT

**સોનલ આર્ટ(થાણા)**    **શાંતિભાઈ : 99678 41792**

બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## ''પ્રકાશ સમીક્ષા'' આયોજિત વિસરાયેલી વાનગીઓની પ્રતિયોગિતામાં ભાગ લીધેલ સૌ ભાઈઓ, બહેનો અને બાળકોને ખૂબ ખૂબ વધાઈ તેમજ ખૂબ ખૂબ આભાર

આ અંક તમારા હાથમાં આવશે ત્યાં સુધીમાં તમને સૌને પ્રથમ, દ્વિતીય તેમજ પ્રોત્સાહન પુરસ્કાર મળી જ ગયા હશે. આશા છે તમને ઇનામ પણ ગમ્યા હશે.

આ એક નવો જ કોન્સેપ્ટ હતો. ચાખ્યા વગર કોઈ વાનગીને તમે કેવી રીતે judge કરી શકો ? એવો સવાલ સૌનો હતો. પરંતુ અમને આ પ્રતિયોગિતામાં વધુમાં વધુ લોકોનો સમાવેશ કરવો હતો. એટલે આ જ એક ઓપ્શન હતો. બનાવતી વખતે વીડિઓ બનાવો, presentation સારી રીતે કરો, તમારા recipeની step by step બનાવવાની રીત એક અલગ કાગળ પર લખીને મોકલાવો. ઘણા લોકોએ વાનગી એટલી સરસ રીતે બનાવી, વિડીઓ પણ એટલું જ સુંદર શૂટ કર્યો કે મજા પડી ગઈ. ફાઇનલ પ્રોડક્ટના ફોટા જોઈને મોઢામાં પાણી આવી જાય. અફસોસ છે કે કચ્છી વાનગીઓ બહુ ઓછી આવી. વિવિધ પ્રકારની રાબ, બાજરાના ઢેબરા, ગોળવાળા બાજરાના રોટલા જે ખાસ શ્રાવણ મહિનામાં સાતમ આઠમ વખતે બને તે, ભીંડાનું ખાટિયું કે ચોટિયાં લાડુ એવી વાનગીઓની ઉણપ હતી. ખેર, જો આ પ્રતિયોગિતા વિશે તમારા વિચારો જણાવશો તો અમને બહુ આનંદ થશે.

પ્રતિયોગિતામાં આવેલી અમુક વાનગીઓની રીતનું પ્રકાશ સમીક્ષામાં પ્રકાશન કરવામાં આવશે.

''પ્રકાશ સમીક્ષા'' ના આ સરાહનીય પગલાં માટે, તેમજ સૌને ઇનામોથી પ્રોત્સાહિત કરવા માટે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ .

ભવિષ્યમાં પણ આમ જ પ્રતિસાદ આપતા રહેશો એવો સંપૂર્ણપણે વિશ્વાસ છે. અને હવે કેવા પ્રકારની પ્રતિયોગિતા તમને જોઈએ છે ? તમારા સૂચનો આવકાર્ય છે.

ચાલો ત્યારે મળીએ. આવતા અંકમાં.

**- માલતી હરીશ ધરમસી**

જખૌ, નવી મુંબઈ

મો. ૯૮૬૯૨ ૮૯૩૪૫

### અભિનંદન. અભિનંદન. અભિનંદન
### વાનગી પ્રતિયોગિતાના વિજેતાઓ

મિઠાઈ



પ્રથમ
**અંકિતા મિલન મૈશેરી**
રાયપુર



દ્વિતીય
**હેતલ હિતેશ લોડાયા**
મુલુંડ

ફરસાણ



પ્રથમ
**નીતા કિરીટ છેડા**
ઘાટકોપર



દ્વિતીય
**ગીતા રમેશ લોડાયા**
મુલુંડ

ફ્યુઝન



પ્રથમ
**જયશ્રી વિપુલ લાપસીયા**
મુલુંડ



દ્વિતીય
**ઝલક જીગર મહેશ્વરી**
અમદાવાદ

### અન્ય ભાગ લેનાર પ્રતિયોગીઓ

મિઠાઈ

૧. કુસુમબેન જિતેન્દ્ર સાંયા - ડોંબિવલી
૨. ધનલક્ષ્મીબેન ધરમસી - ઘાટકોપર
૩. કુસુમબેન કેસરસિંહ ધરમસી - વડોદરા
૪. કલ્પનાબેન પ્રદીપ શાહ - ધુલિયા
૫. ઈલાબેન દીપક દંડ - પુણે
૬. મમતાબેન હિતેશ મોમાયા - મહેસાણા
૭. દમયંતીબેન ધરમસી - અમદાવાદ
૮. ડિમ્પલબેન હિરેન દંડ - વડોદરા
૯. ખમાબેન નાગડા - માટુંગા
૧૦. ભાવનાબેન શિરીષ શાહ - દાવનગિરી
૧૧. ઝવેરીબેન શાહ - દાવનગિરી

૧૨. કાજલ રાહુલ મોતા - અહમદનગર
૧૩. કલ્પનાબેન ધનપતિ લોડાયા - મુલુંડ
૧૪. વંદના નિપેશ પટેલ - ઐરોલી
૧૫. ભારતીબેન નાગડા - દાવનગિરી
૧૬. નીતાબેન કમલેશ દંડ - અંકલેશ્વર
૧૭. સારિકાબેન પરેશ ડાઘા - અમદાવાદ
૧૮. પ્રેરણા વરુણ ધરમસી - ધુળે
૧૯. કિરીટભાઈ છેડા - ઘાટકોપર

**ફરસાણ**

૧. કલ્પનાબેન પ્રદીપ શાહ - ધુળે
૨. ડિમ્પલબેન હિરેન દંડ - વડોદરા
૩. ભાવનાબેન શિરીષ શાહ - દાવનગિરી
૪. ઝવેરીબેન શાહ - દાવનગિરી
૫. દિપાલીબેન સિતેશ લાલકા - ચોપડા
૬. કલ્પનાબેન ધનપતિ લોડાયા - મુલુંડ
૭. નયનાબેન નરેશ છેડા - માટુંગા
૮. નીતાબેન કમલેશ દંડ - અંકલેશ્વર
૯. ડિમ્પલ પ્રશાંત લોડાયા - બેંગ્લોર
૧૦. તેજલ અમિત ધરમસી - નવી મુંબઈ
૧૧. હેતલબેન લોડાયા - મુલુંડ
૧૨. અરુણાબેન પ્રતાપ મોતા - ભાંડુપ
૧૩. મૌસમી પ્રતીક જૈન - રાયપુર
૧૪. અલ્પા હિરેન ધરમસી - વિજયાપુર
૧૫. ખમાબેન નાગડા - માટુંગા
૧૬. નયનાબેન નરેશ છેડા - માટુંગા

**ફ્યૂઝન**

૧. હિરેનભાઈ વીકમસી - સાંગલી
૨. કુસુમબેન જિતેન્દ્ર સાંયા - ડોંબિવલી
૩. દર્શિકાબેન ધવલ સાંયા - અમદાવાદ
૪. દર્શકુમાર પ્રતીક જૈન - રાયપુર
૫. પ્રશાંત દિલીપ લોડાયા - બેંગ્લોર
૬. અર્હમ કુમાર શાહ - મુલુંડ
૭. કાશ્મીરાબેન કિશોર મોતા - રાયપુર
૮. મૌસમી પ્રતીક જૈન - રાયપુર
૯. મમતા હિતેશ મોમાયા - મહેસાણા
૧૦. અલ્પા હિરેન ધરમસી - વિજયાપુર

## શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ ચુંટણી

આ વખતે પ્રમુખ પદ માટે KDO જ્ઞાતિનો વારો હતો. પ્રમુખ પદે શ્રી નયન અશોક ભેદા-વારાપધર(મુલુંડ) બિનહરીફ ચૂંટાયા. શ્રી ચીમન મેઘજી મોતા-વારાપધર (મુલુંડ) એ ચૂંટણી ટાળવા માટે પ્રમુખ પદેથી ઉમેદવારી ફોર્મ પાછું ખેંચી લીધું હતું. કદઓ જ્ઞાતિમાંથી સેક્રેટરી પદ માટે શ્રી પ્રવિણ ટોકરશી લોડાયા-કોઠારા (ડોંબિવલી) સેક્રેટરી તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. શ્રી મનોજ દામજી લોડાયા-બાંઢિયા (ભાંડુપ)એ ચૂંટણી ટાળવા માટે પોતાનું ફોર્મ પરત ખેંચ્યું હતું.

ચૂંટણીને કારણે, છેલ્લા કેટલાક દિવસોમાં લગભગ ૬૦૦ નવા સભ્યોની નોંધણી કરવામાં આવી હતી અને તેથી જૈન સંઘને લગભગ ૬૦ લાખ રૂપિયા મળ્યા હતા. કદઓ જ્ઞાતિમાંથી લગભગ ૧૫૦ નવા સભ્યોની નોંધણી કરવામાં આવી હતી. મતદારોને સ્થળ સુધી લાવવા માટે ઉમેદવારો દ્વારા પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઘણા વર્ષો પછી, ચૂંટણી સભામાં મોટી હાજરી હતી.

શ્રી અખિલભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વે. જૈન સંઘ ના પ્રમુખ પદે (સવંત ૨૦૮૨-૨૦૮૫) શ્રી નયનભાઈ અશોક ભેદા-વારાપધ્ધર (મુલુંડ), જ્યેષ્ઠ ઉપપ્રમુખ : શ્રી હેમચંદ મુરજી ગડા-નાના રતાડીયા (મુલુંડ ઈસ્ટ), ઉપપ્રમુખ : શ્રી નરેન્દ્રભાઈ દોલતલાલ શાહ-માંડવી (થાણા), માનદ મંત્રી પદેઃ શ્રી જતીનભાઈ મોરારજી છેડા-નાના ભાડીયા (ચેમ્બુર), શ્રી પ્રવીણભાઈ ટોકરશી લોડાયા-કોઠારા (ડોંબિવલી), શ્રી સંદીપ નવીનચંદ્ર શાહ-ભુજ, શ્રી રાહુલ શ્રીશ્રીમાળ-બાડમેર (ભીવંડી)ની બીન હરીફ સર્વાનુમતે નિમણુંક થયેલ છે. ચૂંટાયેલા ટ્રસ્ટીઓ, અધિકારીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ.

# નયન અશોક ભેદા

## *વિઝન, જોશ અને વિશ્વાસનો સંગમ*

એમણે નાની ઉંમરે મેળવેલી સફળતા અને જ્ઞાતિસેવાની સમકક્ષ બહુ ઓછા આવે. હૂંફ એવી કે મળનાર પ્રભાવિત થાય જ. નયનભાઈના જીવનમાં પ્રગતિ માટે અને પડકારનો સામનો કરવા માટે એમની પાસેથી ઘણું શીખવા જેવું છે



## વ્યક્તિત્વ

ભરયૌવનમાં વિશાળ ઉદ્યોગ સ્થાપવા સાથે, પ્રબળ જ્ઞાતિસેવા કરવાની શક્તિને ઈશ્વરની દેન જ ગણવી. એવી દેન મુંબઈ મહાજનના પ્રમુખ અને શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી નયન ભેદાને વરી છે. એમનો પ્રવાસ આર્થિક સફળતા અને જ્ઞાતિસેવાનાં સીમાચિહ્નોથી શોભાયમાન છે. આવનારાં વરસોમાં તેઓ અનેક અપ્રતિમ કાર્યો કરવાની ક્ષમતા ધરાવે છે. એમની મુલાકાત એટલે વિઝન અને કૃતનિશ્ચિતતાનો પરિચય.

મૂળ વારાપધરનાં પદ્મા અશોકભાઈને ત્રણ સંતાનો, ચેતન, નયન અને ઊર્વિ. દાદી-દાદા ધનબાઈ કલ્યાણજીના સમયમાં મુંબઈના ભાંડુપમાં થોડો સમય રહ્યા પછી પરિવાર મુલુંડ વસ્યો. ધનબાઈ ફોરવર્ડ થિન્કિંગવાળાં અને હાર્ડવર્કિંગ. અશોકભાઈએ કેમિસ્ટ્રીમાં ગ્રેજ્યુએશનકર્યું. પત્ની પદ્મા કોન્વેન્ટ ગ્રેજ્યુએટ. આવાં માબાપને ત્યાં ૧૯૭૨માં જન્મેલા નયનભાઈએ શેઠ મોતી પચાણ રાષ્ટ્રીય શાળા અને કેળકર કોલેજમાં ભણતાં કોમર્સ ગ્રેજ્યુએશન કર્યું. વન રૂમ કિચનમાં રહેતાં કારકિર્દીની શરૂઆત કોલેજના દિવસોમાં થઈ. નયનભાઈ જણાવે છે, ‘‘પપ્પાનો મસ્જિદ બંદરમાં કેમિકલનો બિઝનેસ હતો. કોલેજ સાથે મેં એમાં સાથ આપવાનું શરૂ કર્યું.’’ સાથે સામાજિક જીવનની શરૂઆત થઈ. નયનભાઈ અને ચેતનભાઈ બેઉ વિદ્યાર્થી સંઘના યુવા વિભાગમાં સક્રિય હતા. ભવિષ્યના નયનભાઈનો પાયો ત્યાં નખાયો એમ કહીએ તો ચાલે.

પિતાએ સંતાનોને નીતિ-હિસાબના મામલે પાકા કર્યા હતા. નયનભાઈ એક કિસ્સો વાગોળતાં કહે છે. ‘‘એકવાર મેં લોકલ ટ્રેનની ટિકિટ માટે લાંબી લાઇનમાં વચમાં જઈ ટિકિટ લીધી. પોરસાતો પપ્પા પાસે ગયો. પપ્પાએ પૂછ્યું બાકીના પૈસા ક્યાં ? હું ઉતાવળે બાકીના પૈસા લેતા ભૂલી ગયો હતો. પપ્પાએ ઝીંક્યો લાફો. એ દિવસે સમજાઈ ગયું કે પૈસાના મામલે ઢીલાશ નહીં ચાલે.’’ બીજી તરફ મમ્મી વહાલ કરે, ક્યારેય હાથ ના ઉગામે, ‘‘મમ્મીનો સોનેરી નિયમ સકારાત્મકતા. સારું વિચારવું, કરવું મમ્મીએ શીખવ્યું.’’

૧૯૯૨માં નયનભાઈનાં લગ્ન એકતા સાથે થયાં. બેઉને બે દીકરી, વૃત્તિ, જુહી અને દીકરો નમન છે. ૧૯૯૫માં તેઓએ નવી દિશા પસંદ કરતાં રિયલ એસ્ટેટ ડેવલપર ધર્મેશ જૈન સાથે કામ શરૂ કર્યું. સાથે, નયનભાઈએ મુલુંડમાં સતત ત્રણ વરસ ભવ્ય નવરાત્રિનું આયોજન કર્યું, અનેક સંપર્ક બન્યા, ‘‘એ પ્રવૃત્તિઓએ મારામાં આત્મવિશ્વાસ સિંચ્યો. થયું કે યોગ્ય પ્લાનિંગ અને થિન્કિંગ સાથે કોઈ પણ કામ કરી શકાય.’’ જીવનની દરેક ઘટનાનો તાળો મેળવી શકીએ તો જાદુ બને. નયનભાઈના મતે, ‘‘મને મોટા માણસ બનવાની આડકતરી પ્રેરણા ધર્મેશ જૈને આપી.’’ સાતેક વરસના અનુભવ પછી એક તક આવી. મુલુંડના ડમ્પિંગ રોડ પર સાત માળની બે અને પંદર માળની એક ઇમારત બને એવડો પ્લોટ હતો. નયનભાઈએ ભાગીદારીમાં રિયલ એસ્ટેટનું સાહસ ખેડ્યું, ‘‘મારી પાસે માત્ર વિઝન હતું. સામાજિક પ્રવૃત્તિથી બનેલા સંપર્કો હતા. મારું વિઝન અમુક લોકો સામે મૂકતાં મને તરત ભંડોળ મળી ગયું. પ્રોજેક્ટ લોન્ચના પહેલા દિવસે ૪૦% ફ્લેટ વેચાઈ ગયા...’’

...પછી એક પ્રોજેક્ટ ડેટ્સ રિકવરી એપેલેટ ટ્રિબ્યુનલમાંથી હસ્તગત કરીને પાર પાડ્યો. ૨૦૦૪-૦૫માં આવ્યો એવો પ્રોજેક્ટ જેણે દેશને ચકિત કરી દીધો. સાથે લાઇમલાઇટમાં આવ્યું એમનું નેપ્ચ્યૂન ગ્રુપ, ‘‘ભાંડુપ સ્ટેશન પાસે ફડચામાં ગયેલી કંપનીની જમીન હતી. અમે જમીન મેળવવા ટેન્ડર ભર્યું. મારી પાસે ટેન્ડર માટેના રૂ. ૧૦ લાખ હતા. અમે ટેન્ડર જીતીને રૂ. ૧૦૧ કરોડમાં જમીન મેળવી. ત્યારે મને એટલી ખબર હતી કે બીજા રૂ. ૧૦ કરોડ ઊભા થશે. એ ખબર નહોતી કે બાકીના રૂ. ૯૦-૯૧ કરોડ ક્યાંથી આવશે ?’’ છતાં એ પ્રોજેક્ટ એમણે હસ્તગત કર્યો. પછી, પિરામલ ગ્રુપના અજય પિરામલ, નયનભાઈના સાહસથી પ્રભાવિત થઈને ભાગીદાર બન્યા. નયનભાઈ સાથે એમના ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ મોટા બંધુ ચેતનભાઈ જોડાયા. ભાંડુપ સ્ટેશન પાસે કંપનીએ દસ લાખ ફૂટનો અવ્વલ મેગ્નેટ મોલ બાંધ્યો. સાથે નેપ્ચ્યૂન ગ્રુપે ઘણા

પ્રોજેક્ટ્સ કર્યા. મુંબઈના કુર્લામાં ૧૭ એકર, કલ્યાણ નજીક આંબિવલીમાં ૧૦૦ એકર જમીન હસ્તગત કરી. થાણે, પુણે, વિશાખાપટનમ, કોચી, નાગપુરમાં વિસ્તરણ કર્યું. ત્યાં આવ્યા પડકાર. ઘણુંબધું ઉપરતળે થયું. નયનભાઈ કહે છે, ''ક્યારેક સારો સમય માણસને અથવા પરિસ્થિતિને બગાડે છે. એ આપણી ગણતરી કરતાં જુદાં પરિણામ સર્જે છે. એમાં ટકી જાય એ ખરો. અમારા માટે પડકારો નવા થિન્કિંગ અને સુધારા કરવાની તક લાવ્યા. મારા સહિત ગ્રુપના સાથીઓએ એમનો જિંદાદિલીથી સામનો કર્યો. અમે સ્પષ્ટ હતા કે જેમ સમસ્યા આવે છે એમ એ જાય પણ છે.''

નેપ્ચ્યૂન પડકારોમાંથી સાંગોપાંગ બહાર આવવાની દિશામાં છે. બીજી તરફ નયનભાઈએ પડકારોને તકમાં ફેરવીને મોટી હરણફાળ ભરી દીધી છે, ''દેશના એક સૌથી પ્રતિષ્ઠિત ડેવલપર સાથે ભાગીદારીમાં હું અલગ વિશ્વ સર્જવામાં છું, જે અકલ્પનીય ઊંચાઈઓ આંબવા પ્રતિબદ્ધ છે. મુશ્કેલીઓએ મને નવી શક્તિ, નવો આત્મવિશ્વાસ આપ્યાં છે. એમાં મારા પરિવાર, પરમાત્મા, સ્વજનો, સાથીઓનો મોટો ફાળો છે. હું દ્રઢપણે માનું છું કે ખરાબ સમયમાં ડિપ્રેશનમાં જવાને બદલે જાતને વધુ ઇન્વેસ્ટ કરવી જોઈએ. એનાથી વર્તમાન વિકટતાઓ ઘૂંટણિયાં ટેકવે અને નવી સફળતા સર્જાય છે.''

## વિચારસત્ત્વ

નયનભાઈ માટે સેવા જીવનની આવશ્યકતા છે, ''ઘણા માત્ર પૈસા આપીને સેવા કરે છે. મારી સમજણ એવી કે સાથે બુદ્ધિ અને સમય આપવાં જોઈએ. સમયનું દાન સૌથી અમૂલ્ય છે, કારણ એનાથી મોંઘી જણસ કોઈ નથી. મારો પહેલેથી એ પ્રયાસ રહ્યો છે કે પૈસા સાથે સમજણ અને સમય સેવામાં આપું.''

યુવાનોએ સફળ થવા કઈ બાબતોનું ધ્યાન રાખવું? નયનભાઈનો મત, ''સોએ સો ટકા ફોકસ સૌથી ઇમ્પોર્ટન્ટ છે. ગાફેલ થયા તો ગયા. દરેક કામમાં ફોકસ અનિવાર્ય છે. પછી એ ભણતર હોય, નોકરી, વેપાર કે સેવા. ફિલ્મ જોતાં જેમ પૂરા ઓતપ્રોત થઈ જઈએ એમ દરેક કામમાં ઓતપ્રોત થયે સફળતા મળે.'' ઘણાને આરામ કે મોજશોખ વધું વહાલાં થઈ જતાં હોય છે. નયનભાઈ કહે છે, ''કામનો કોઈ પર્યાય નથી. એની સાથે ચેડાં થવાં ના જોઈએ. પૈસાનો કોઈ પર્યાય નથી. પૈસા માત્ર અને માત્ર ત્યારે નગણ્ય લાગી શકે જ્યારે એ અમાપ મળે. અન્યથા, પૈસા નથી સમજી લો કે તો કાંઈ નથી.''

## સેવાવિશ્વ

સેવામાં નયનભાઈએ ઘણી સિદ્ધિઓ અંકે કરી છે. વિદ્યાર્થી સંઘ પછી ૨૦૦૫-૦૬માં ચેતન મોતાની પ્રેરણાથી, એમની અને જયેશ જૈન સાથે જ્ઞાતિજનોને વિનામૂલ્યે અને સાવ સોંઘા દરે સમેતશિખરજીની જાત્રા કરાવી. એ માટે મુંબઈથી આખી ટ્રેન કરી. વતન વારાપધરના ટ્રસ્ટમાં ૨૦૦૭-૦૮માં તેઓ ટ્રસ્ટી બન્યા. સાથે અતિથિગૃહનું નિર્માણ કરાવીને અનંતગુણાશ્રીજી મ. સા.ના ચાતુર્માસનો લાભ લીધો. એનાથી નયનભાઈમાં આધ્યાત્મિક સમજણ વિકસી. ત્યાંથી મુંબઈ મહાજન અને શ્રી અનંતતાથ ટ્રસ્ટના પ્રમુખ બનવા સુધીનો રસ્તો બન્યો. ૨૦૧૦-૧૫ વચ્ચે એમણે પહેલીવાર આ પદ સંભાળીને જે કાર્યો કર્યાં એ અકલ્પનીય હતાં. નયનભાઈ કહે છે, ''ચેતનભાઈએ આગવી સૂઝબૂઝથી મને પહેલાં સેવા અને પછી ચૂંટણી માટે તૈયાર કર્યો. જયંતભાઈ સોની અને કુમારભાઈ દંડે એમાં સાથ આપ્યો. અમે પેનલ બનાવીને જીત્યા પછી પહેલો સંકલ્પ કર્યો કે જ્ઞાતિને ગૌરવ થાય એવાં કામ કરવાં છે.'' એ ટર્મમાં અને અત્યારની ટર્મમાં પણ ઘણા એવા જ્ઞાતિજનો છે જેઓએ મહાજન અને ટ્રસ્ટની જવાબદારી એટલે ઉઠાવી કે નયનભાઈનું સુકાન છે. અન્યથા, કદાચ તેઓ જાહેર જીવનમાં ઝંપલાવત નહીં.

નયનભાઈની અદામાં થયેલાં જ્ઞાતિકાર્યો જેવાં કાર્યો ભાગ્યે જ કોઈ જ્ઞાતિમાં થવાં શક્ય છે. એમાં ભારોભાર ચીવટ, પ્રોફેશનલિઝમ અને મોડર્ન ટચ હતાં. ધર્મ, શિક્ષણ, મેડિકલ, લગ્ન, રોજગાર, મહિલા ઉત્કર્ષ, યુવાનો, બાળકો, સાધર્મિક સેવા... બધાં સેવાકાર્યો અનન્ય હતાં. સમય, શક્તિ, સમજણ અને ધન, બધાંના યોગદાનમાં નયનભાઈ એન્ડ ટીમે જાતે

કામ કરતાં અન્યોને આગળ આવવા પ્રેર્યા. યશકલગી સમાન એક કામ મસ્જિદ બંદરમાં જ્ઞાતિના ફુવારાનું નૂતનીકરણ કરી મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે એનું લોકાર્પણ. બીજું, ઘાટકોપરના અનંતછાયા દેરાસર સહિત ભયજનક સ્થિતિમાં મુકાયેલા ત્યાંના રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સનું રિડેલવપમેન્ટ. એ કાર્યથી જ્ઞાતિકાર્યો માટે વિશાળ ભંડોળ ઊભું થઈ શક્યું હતું. વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહનું રિડેવલપમેન્ટ પણ સંપન્ન થયું. નયનભાઈ એનો જશ શિવજીભાઈ વિકમશીને આપે છે, ''મને શિવજીભાઈ સાથે મણિકાંતભાઈ ધુલ્લાએ મળાવ્યો. શિવજીભાઈએ વિશ્વાસ મૂકીને મને સંસ્થાનો ટ્રસ્ટી બનાવ્યો. એ કાર્યમાં યોગદાન આપીને મેં શિવજીભાઈનું સપનું સાકાર કરવામાં ફાળો આપ્યો એનો બેહદ સંતોષ છે.''

૨૦૧૫-૨૦માં કેમ ચૂંટણી નહીં લડ્યા? નયનભાઈ કહે છે, ''પહેલી ટર્મમાં અથાક કામ કર્યું હતું. અમારામાંના ઘણાને અંગત જીવન, વેપાર માટે સમય રહ્યો નહોતો રહ્યો. વળી એક નવી પેનલ મહાજન-ટ્રસ્ટની જવાબદારી ઉઠાવવા સજ્જ હતી. તેથી અમે બ્રેક લીધો. અને ૨૦૨૦માં કમબેક કેમ? ''અમારી ગઈ ટર્મનાં અમુક કામ અધૂરાં હતાં. ખાસ તો અનંતસિદ્ધિનું રિડેવલપમેન્ટ. અમને કમબેક માટે આગ્રહ પણ એટલા થયા કે...'' અનંતસિદ્ધિ માટે બે ડેવલપર્સે કહી દીધું હતું કે રિપેરિંગ કરીને પતાવો. ત્યારે પ્રવીણ લોડાયાએ નયનભાઈને એ જવાબદારી ઉઠાવવા પ્રેર્યા. ટેનેન્ટ્સ પણ કહે કે નયનભાઈ જવાબદારી લે તો ઘર ખાલી કરીએ. ભાંડુપ, કાંજુરમાર્ગ, ઘાટકોપર, મસ્જિદના સંઘોની પણ વિનંતી આવી. બસ, એમ થયું કમબેક. આજે અનંતસિદ્ધિ રિડેવલપમેન્ટનું કામ સુંદર રીતે આગળ વધી રહ્યું છે. એ લગભગ નક્કી છે કે એમાં પણ જ્ઞાતિને અનંતછાયા જેવી સફળતા મળશે.

નયનભાઈની બીજી ટર્મની શરૂઆત કોવિડકાળ સાથે થઈ. ત્યારે મહાજને મુંબઈ વિસ્તારના દરેક કેડીઓના વેક્સિનેશનનું અભૂતપૂર્વ કાર્ય પાર પાડ્યું હતું. એમાં જ્યુપીટર હોસ્પિટલમાં સેવા આપતાં મહાજનનાં કાર્યકર મનીષા પોલડિયાએ નોંધપાત્ર ફાળો આપ્યો. નયનભાઈ જોકે તમામ કામનો જશ ટીમને આપે છે, ''અમારી સેવાઓ જ્ઞાતિજનોના સ્નેહ અને વિશ્વાસનું, અમારી ટીમના સમર્પણનું અને દાતાઓના સાથનું ફળ છે. અમારી ટીમ પ્રતિભાવંત અને કમિટેડ લોકોની છે. જેમ કે, લોપા નાગડાએ ફુવારાનો જીર્ણોદ્ધાર શક્ય કર્યો. રાજેશ છેડાના હાથમાં હિસાબ સુરક્ષિત છે. આખી ટીમનાં નામ લેવાં કરતાં કહીશ કે સોલિડ ટીમ વર્ક અને જ્ઞાતિદાઝ અમારી ખરી પ્રેરણા છે.''

અંગતપણે પણ નયનભાઈએ દાનની સરવાણી વહાવી છે. અમુક કિસ્સામાં રેકોર્ડ બ્રેક દાન આપ્યું છે પણ તેઓ કહે છે, ''એનો ઉલ્લેખ રહેવા દઈએ, પ્લીઝ? જે જ્ઞાતિએ મને બધું આપ્યું એના માટે મેં કંઈક કર્યું એ તો ઋણાનુબંધ છે, બસ.''

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

સો વરસથી પ્રકાશિત સામયિક વિશે નયનભાઈ કહે છે, ''બહુ ઓછાં જ્ઞાતિ પ્રકાશનો સદીની સફર ધરાવતાં હશે. પ્રકાશ સમીક્ષાએ આપણને એકતાંતણે બાંધી રાખ્યા છે. આ સિદ્ધિમાં સનત્ શાહનો સિંહફાળો છે. અન્ય તમામ તંત્રીઓએ પણ અમૂલ્ય યોગદાન આપ્યું છે.''

સામયિકના ઉજળા ભવિષ્ય વિશે તેઓ આશાસ્પદ છે, ''જે સામયિક થકી અગણિત જ્ઞાતિજનો પોતાના વિચાર પ્રસ્તુત કરે, એ વિચાર આપણા સૌની વચ્ચે ચર્ચા અને નિર્ણય માટે ઉપલબ્ધ થાય, એના તંત્રીની જવાબદારી અસાધારણ હોય છે. હીરાચંદભાઈ સહિતની એમની ટીમ આ જવાબદારી સરસ રીતે નિભાવે છે. પ્રકાશ સમીક્ષાની લોકપ્રિયતા, રીડરશિપ વધારવા તેઓ પોઝિટિવ છે. એમને જરૂર પડ્યે મદદ કરવા હું ગમે ત્યારે અવેલેબલ છું.''


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**આરોગ્ય પ્રકાશ**

# નિરોગી રહેવા શરીરને અને મનને ડિટોક્ષ કરીએ

– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



હવા, પાણી અને ખોરાક દ્વારા આપણા શરીરમાં ઝેરી તત્ત્વો (કેમિકલ્સ, Toxins) પ્રવેશે છે અને વિવિધ બિમારીઓથી લઈને કેન્સર જેવી બિમારી પણ આપે છે. ટોક્ષીન એટલે ઝેરી પદાર્થ અને એને શરીરમાંથી બહાર કાઢવાની પ્રક્રિયા એટલે ડિટોક્ષ. રોજબરોજ વપરાતી ટૂથપેસ્ટ, કૃત્રિમ ખાતર અને પેસ્ટીસાઈડસ્ છાંટેલા અનાજ, દૂધ (દૂધ વધારે આપે તે માટે ઓક્સિટોસીન ઈંજેક્શન અપાય અને થેલીમાં ભરતાં પહેલા અનેક કેમિકલ એમાં ઉમેરાય છે) સાકર, મેંદો, બેકરી પ્રોડક્ટ્સ, બજારુ પેકેટ્સ, એલોપેથીક ગોળીઓ, કેમિકલમાં ડુબાયેલા કેળા, પરફ્યુમ, ફ્લોરક્લીનર્સ, ડીટરજન્ટથી લઈને મચ્છર ભગાડવાની વસ્તુઓ અગણિત ઝેરી તત્ત્વો ખાઈએ, વાપરીએ કે હવા દ્વારા આપણા શરીરમાં પ્રવેશે છે. (વિગતવાર માહિતી માટે જુઓ પ્રકાશ સમીક્ષા આરોગ્ય માટે હાનિકારક વસ્તુઓ તા. ૨૦.૧૦.૨૦ અને ૫.૧૧.૨૦ નશાકારક અને આરોગ્યને નુકશાનકારક રોજીંદી ચીજો તા. ૫.૯.૨૫, ૨૦.૯.૨૫).

આ બધા ઝેરથી બચવા પહેલા તો એ શરીરમાં ન પ્રવેશે એ કાળજી લઈએ, એ દરેક ચીજ માટે સાદા સરળ પર્યાય શોધીએ. શક્ય હોય તો તબેલામાંથી તાજું દૂધ મેળવી વાપરીએ, બેકરી આઈટમ, બજારુ પેકેટ્સ, ફરસાણ વગેરે છોડી ઘરમાં બનેલ નાસ્તા અપનાવીએ. ટૂથપેસ્ટને બદલે ફુલાવેલી ફટકડી+સિંધવનમકનો પાવડર કરી વાપરતી વખતે તેમાં ૨-૩ ટીપા રાઈના તેલના ઉમેરી પેસ્ટ જેવું બનાવી વાપરો જે ઝેરી તત્ત્વોથી બચાવશે. ઉપરાંત દાંત-પેઢાની સુરક્ષા કરશે. આ રીતે જ દરેક નુકશાનકારક રોજ વપરાશની ચીજો માટે પર્યાય શોધીએ. એન્ટીઓક્સિડન્ટ અને વીટામીન-સી વાળા ફળો, પોષ્ટીક ખોરાક લઈએ, ચાલવાનું, પ્રાણાયામ, કસરત યોગ નિયમિત કરીએ. ખુલ્લી હવામાં ઊંડા શ્વાસ લઈએ. ઓક્સિજન શરીરના દરેક કોષ અને લીવર કીડની સુધી પહોંચી એને નિરોગી રાખશે અને શરીરના ટોક્ષીન સારી રીતે બહાર કાઢશે.

આપણા શરીરમાં ટોક્ષીન જાય તેનો નિકાલ કરવા લીવર કોશિષ કરે અને કીડની દ્વારા એ ઝેરો શરીરની બહાર ફેંકાય માટે લીવર અને કીડની સંપૂર્ણ નિરોગી હોવા જોઈએ. લીવરને ડિટોક્ષ કરવા પપૈયામાં રહેલા ઉત્સેચકો સહાય કરે અને ઝેરી તત્ત્વો બહાર કાઢે. લાલ દ્રાક્ષમાંના એન્ટીઓક્સિડન્ટ, રેવેસ્ટ્રોલ ફલેવેનોઈડ અને વિટામીન ભરપૂર હોય છે જે લીવર, કીડનીને સાફ કરે, લોહીને પણ શુદ્ધ કરે, શરીરની બળતરા ઘટાડે. દાડમ લોહી વધારવાની સાથે લીવર, કીડનીને સાફ કરે. લીંબુ, આવળામાં રહેલ પુષ્કળ વિટામીન-સી, બ્રોકોલીમાં રહેલ સલ્ફર, હળદરના એન્ટીઓક્સિડન્ટ લીવરને ડિટોક્ષ કરે. પાલક, કારેલા, મૂળા, દૂધી, સલગમ, ગાજર, જાંબુ, સફરજન, પાંદળાવાલી ભાજીમાં રહેલ એન્ટી ઓક્સિડન્ટ અને ખનીજો લીવર, કીડની અને શરીરના ઝેરોને દૂર કરે.

કીડની શરીરના ઝેરી તત્ત્વો બહાર કાઢી લોહીનું શુદ્ધીકરણ કરે છે. નિયમીત ૭-૮ ગ્લાસ પાણી પીઓ જેથી શરીરમાં દાખલ થયેલ ઝેરી તત્ત્વો પેશાબ દ્વારા નીકળી જાય. કોબીમાં પોટેશ્યમ થોડું અને ભરપૂર માત્રામાં વિટામીન-કે હોય છે જે કીડનીને સાફ કરે. સ્ટ્રોબેરી એન્ટીઓક્સિડન્ટ, મેગ્નેશ્યમ, વિટામીન-સી અને ફાયબરથી ભરપૂર હોવાથી કીડની, હૃદય માટે સારી. ફ્લાવરમાં વિટામીન-સી વધુ અને કે થોડી માત્રામાં કીડનીને ડિટોક્ષ કરે. સફરજનમાં વિટામીન્સ, મીનરલ્સ, ફાયબર હોય તે કીડની સાફ કરે. બળતરા દૂર કરે, પાચન સરળ બનાવે. બ્લ્યુબેરી, રાસબેરી, કેનબેરીમાં એવા સંયોજન હોય જે શરીરના નુકશાનકારક ફ્રીરેડીકલ્સ, ટોક્સીનને બહાર કાઢે છે. લાલ સિમલા મીર્ચમાં ફાઈબર પુષ્કળ અને વિટામીન એ,સી, બી૬, ફોલિક

એસીડ અને થોડું પોટેશ્યમ હોય છે તે કીડની સાફ કરી તેને તંદુરસ્ત રાખે છે. દહીમાં રહેલા પ્રોબાયોટીક આંતરડાને અને કીડનીને તંદુરસ્ત બનાવે. અદરખ લોહી અને કીડનીને શુદ્ધ કરવામાં મદદરૂપ છે.

જીરુ અને વરીયાળીના સેવનથી શરીરના ઝેરી તત્ત્વો બહાર નીકળે, યુરિક એસિડ પણ દૂર થાય, રક્ત પરિભ્રમણ સુધરે, નવા કોષો ઉત્પન્ન થાય. અડધી ચમચી વરીયાળી અને અડધી ચમચી જીરુ, રાત્રે ૧ ગ્લાસ પાણીમાં પલાળી સવારે ગરમ કરી લીંબુ અને ગોળ (ડાયબીટીઝ હોય તેણે ગોળ વાપરવું નહીં) નાખી હુંફાળું પીવું. ૨૦૦ ગ્રામ ડુંગળીના રસમાં એપલ સીડર-સરકો, નાળિયેર પાણી અને શુદ્ધ શેરડીનો રસ ઉમેરી પીવાથી શરીરના ટોક્સીન દૂર થાય છે. અળશી લગભગ બધા જ ઝેરને બહાર કાઢે છે. ૪ ચમચી અળશી મુખવાસની જેમ રોજ જ લેવી જે ઝેરો બહાર કાઢવા ઉપરાંત સાંધા અને હૃદય માટે ઉપકારી છે. રીંગણા, જવનો ઉકાળો, કેળાના દાંડાનો રસ તાજો પીવાથી કે શેરડી ચૂસવાથી ઘણા ઝેર નીકળી જાય છે. ત્રિફળા ચૂર્ણ (આવળા, બહેડા હરડે સમભાગે) ૧ ચમચી (Teaspoon) લેવાથી પાચનતંત્ર મજબૂત થશે અને દાખલ થયેલા ઝેરનો નિકાલ થશે. લીંબુ, છાશ, હીંગ, ગાજર, કોથમીર, મૂળા, કાંદા, લસણ, જાંબુ, નાગરવેલના પાનના નિયમિત ઉપયોગથી પાચન મજબૂત થશે અને ઝેર શરીરમાં ટકશે નહિં. જાંબુના ઠળીયાનો પાવડર, પપૈયાના બી સુકવી બનાવેલ પાવડર પાણી સાથે સાતેક દિવસ લેવાથી શરીરના ટોક્સીન બહાર નીકળશે. લવંગનું પાણી પણ ઉપયોગી. પંદરેક દિવસે ઓઈલ પુલીંગ કરવું. ચપટી સિંધવ નમક અને બે ચમચી રાઈ/તલનું તેલ મોમાં લઈ ૧૦ મિનીટ સુધી મોમાં ફેરવતા રહેવાથી ટોક્સીન બહાર નીકળશે. ઉપરાંત દાંત, પેઢાનો સડો કે હલતા દાંતની તકલીફમાં ફાયદો થશે. દૂધમાં અડધી ચમચી અર્જુન છાલ ચૂર્ણ અને સૂંઠ નાખી હુંફાળું પીવાથી ખરાબ કોલેસ્ટ્રોલ અને બીજા ટોક્સીન શરીરથી બહાર નીકળશે. સૌથી સરળ અને વધુ ફાયદાકારી આલ્કલાઈન કે ડીટોક્ષ મેજીક પાણીનો નિયમિત ઉપયોગ કરો. કાચના કે સ્ટીલના જગમાં પાણી ભરી તેમાં દૂધી, કાકડી, આદુ, આમળાના ટુકડા, લીંબુની સ્લાઈઝ, તુલસી, મીઠા લીમડાના પાન કે તુલસીના પાન જે ઘરમાં હોય તે કોઈપણ વસ્તુ સવારમાં પાણીમાં નાખી રાખો. બે કલાક પાણીમાં રહ્યા પછી આ પાણીને ઉપયોગમાં લેવું. પાણી ઘટે તો ઉમેરી શકાય. આ પાણીને સંધ્યાકાળ સુધી પીતા રહેવું. આ પાણી આલ્કલાઈન બન્યું હોવાથી શરીરમાંના એસિડનું પ્રમાણ ઘટાડે જે શરીર માટે ખૂબ ફાયદાકારી છે. શરીરમાં ઘણા ટોક્સીન પ્રવેશે છે તેમ નફરત, ગુસ્સો, ઘૃણા, ઈર્ષ્યા, અસંતોષ વગેરે ભાવ મનને ટોક્સીક બનાવે છે, જે આરોગ્યમય જીવન માટે સારા નથી.

મનને ડીટોક્ષ કરવા : (૧) બાગ, પહાડ, જંગલ, દરિયાકિનારે પ્રકૃતિ સાથે સમય વીતાવો (૨) જૈન, બોદ્ધ ધર્મમાં ધ્યાનનું ખૂબ મહત્ત્વ છે. શાંત સ્થાનમાં પદ્માસન વાળી કે ખુરશી પર બેસી આંખ બંધ કરી કપાળના તિલક સ્થાને ધ્યાન એકાગ્ર કરી ૫-૧૦ મિનીટ બેસવું. (૩) જીવનના ઉદ્દેશને નક્કી કરી તે વિશે વિચારો અને એજ દિશામાં પ્રયત્ન કરો. (૪) પોતાની ખામીઓનો સ્વીકાર કરો. (૫) જીવન ક્ષણભંગુર છે, અપૂર્ણ છે એ સ્વીકારો. (૬) દરરોજ પોતાનામાં નાના-નાના સકારાત્મક પરિવર્તન લાવો. (૬) જે કોઈ પ્રવૃત્તિ કરતાં હોઈએ તેમાં એકાગ્રતા જરૂરી અર્થાત દા.ત. જમતી વખતે ટી.વી. કે મોબાઈલમાં ધ્યાન ન રાખતા ભોજનના સ્વાદને માણો. સંગીત સાંભળતાં હો તો એમાં ઓતપ્રોત થઈ ગીત ગુનગુનાઓ, જે મનને અહીં તહીંના વિચારથી રોકી શાંત કરશે અને મનના ટોક્સીન દૂર થશે. (૭) મિચ્છામિદુક્કડમ્-ક્ષમા એ મનમાં રહેલ ઈર્ષ્યા, ઘૃણા વેરનું શમન કરે અને મનને શાંત બનાવે. આ સર્વ પ્રક્રિયાઓ મનને ડીટોક્ષ કરશે જ. આ જ પદ્ધતિને જાપાનીસ ટેક્નીક પણ અપનાવવા કહે છે.

આમ આપણા શરીરમાં પ્રવેશતા ઝેર-ટોક્સીનને શરીરથી અને મનથી દૂર કરી સૌ નિરોગી રહીએ.

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૧૦.૨૦૨૫ | ચેંબુર | શ્રાવ્યા, જહાનવી, અમીશ નરેશ પાલાણી | કોઠારા | પુત્રી |
| ૨૧.૧૨.૨૦૨૫ | હુબલી | ધવિત વિજલ હિતેશ ખોના | મોટી ખાવડી | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૧.૨૦૨૬ | ધુળે | જિનેશ મયુર લક્ષ્મીચંદ ભાટે | સુથરી | ૩૫ |
| | મસુર | ડાયના કિરીટ ગોવિંદજી ધરમશી | છાદુરા | ૩૪ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૨.૨૦૨૫ | કન્નૂર | CA દિપક શીવકુમાર કે. | – | – |
| | કોચીન | CA પૂજા ગીરીશ મોમાયા | વરાડીયા | ૨૮ |
| ૧૬.૦૧.૨૦૨૬ | કોલકત્તા | ધ્વનિક હેમંત વિસનજી મોતા | કુઆપધર | ૩૧ |
| | થાણે | માગ્ધી ઉદય સિન્હા | થાણે | ૩૨ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૨.૨૦૨૫ | ઘાટકોપર/અમરાવતી | પરાગ રાજેશ લોડાયા | તેરા | ૩૦ |
| | ઘાટકોપર | રીદ્ધિ યોગેશ નાગડા | બાયઠ | ૨૯ |
| ૦૭-૧૨-૨૦૨૫ | ડોંબિવલી | પ્રતિક હરીશ લક્ષ્મીચંદ સાયલા | મંજલ રેલડીયા | ૨૮ |
| | લુણી | નિધિ બંકીમચંદ લક્ષ્મીચંદ દંડ | લુણી | ૨૪ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૧.૨૦૨૫ | ડોંબિવલી | જિજ્ઞેશકુમાર વિનય (શાહ) લોડાયા | નલીયા | ૨૯ |
| | નાગપુર | ધનશ્રી સંજય રાઉત | નાગપુર | ૩૦ |
| ૨૭.૧૧.૨૦૨૫ | ચેંબુર-કેનેડા | કેવેન વિનોદ છેડા | લાયજા | – |
| | મુલુંડ | સચી અશોક લોડાયા | ધ્રાફા | ૩૧ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૧.૨૦૨૬ | કાંદિવલી | દિપક દામજીભાઈ લાલકા | રંગપર (બેરાજા) | ૬૪ |
| ૦૬.૦૧.૨૦૨૬ | નાંદેડ | લાખબાઈ લીલાધર લાપસિયા | દલતુંગી | ૮૬ |
| ૦૬.૦૧.૨૦૨૬ | મુલુંડ | અરૂણાબેન નીતીન નાગડા | તેરા | ૭૨ |
| ૦૭.૦૧.૨૦૨૬ | હૈદ્રાબાદ | કિર્તીકુમાર નરશી મોમાયા | વારાપધર | ૬૯ |
| ૦૭.૦૧.૨૦૨૬ | ભાયંદર | પ્રેમાબેન ઠાકરશી મોમાયા | જખૌ | ૯૮ |
| ૦૮.૦૧.૨૦૨૬ | મુલુંડ | મનોરમા (હીના) જિતેન્દ્ર મૈશેરી | લાલા | ૬૫ |
| ૦૮.૦૧.૨૦૨૬ | કાંજુરમાર્ગ | ગુલાબચંદ ટોકરશી લોડાયા | કોઠારા | ૮૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૧.૨૦૨૬ | અંધેરી | પ્રતાપશી પદમશી છેડા | તેરા | ૮૫ |
| ૧૨.૦૧.૨૦૨૬ | ઘાટકોપર | વાસંતીબેન નવીન લોડાયા | સાંયરા | ૭૭ |
| ૧૩.૦૧.૨૦૨૬ | ગદગ | લક્ષ્મીબેન પ્રતાપ આણંદજી નાગડા | જખૌ | ૮૧ |
| ૧૩.૦૧.૨૦૨૬ | હુબલી | શાંતાબેન હિરેન લાલકા | વારાપધર | ૬૬ |
| ૧૬.૦૧.૨૦૨૬ | હુબલી | ગુલાબ લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ૭૫ |
| ૧૭.૦૧.૨૦૨૬ | નડીયાદ | મહેન્દ્રભાઈ ભવાનજી મોતા | તેરા | ૬૮ |
| ૧૭.૦૧.૨૦૨૬ | હૈદ્રાબાદ | નીતા મહેન્દ્ર લોડાયા | કોઠારા | ૬૬ |
| ૧૮.૦૧.૨૦૨૬ | હુબલી | રમેશચંદ્ર જીવરાજ લોડાયા | જખૌ | ૭૮ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન

**(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**Smt Madhuri Ashok Lodaya (PS-3193)**
1303, Premia Tower A,
Tilak Nagar Sahyadri CHSL, Building No.6,
Plot No NDR 29, Opp Sulabha Special School,
Sainath Mandir Road, Tilak Nagar,
Chembur, MH - 400 089. M. : 97733 55386.

**Shri Manilal Lakhamshi Momaya (PS01877)**
6, Ekveera Darshan CHS,
Opp Madavi Bungalow,
Rajaji Path, Dombivali (East),
MH - 421 201.
M. : 75060 10695.

હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

### લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી




'બડગરા' એટલે એક નાનકડું ગામ જે કેરાલા રાજ્યમાં કલિકટની બાજુમાં આવ્યું છે. અત્રે ક.દ.ઓ.ના ૯ જૈન પરિવારો સુખ, શાંતિ અને સંપીને રહે છે.

૨૫ વર્ષ પહેલા સર્વ ભાગ્યશાળીઓની અને તેમાં શેઠ શ્રી જીવરાજ વેરશી પોલડીઆની અનન્ય ઈચ્છા હતી કે મારા જીવતેજીવ અહીં દેરાસર બનવું જોઈએ.

દેવગુરુની કૃપા થઈ, નરેન્દ્રભાઈ નંદુ જેઓ શ્રી સિદ્ધચક્રની આરાધના કરતા કરતા, નવકારમય થતાથતા એક સિદ્ધપુરૂષ છે, તેઓનો સાથ સહકાર મળ્યો અને શ્રી વિમલનાથ દાદાના ગૃહ જિનાલયનું નિર્માણ થયું. શ્રેષ્ઠીવર્યોનો સાથ સહકાર મળ્યો અને આજે આ ગૃહજિનાલયને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે.

શ્રીમાન જીવરાજભાઈના પરિવારની ઈચ્છા થઈ કે આપણે બડગરામાં રહેતા આપણા જ્ઞાતિજનો અને જૈનેતર પરિવારોને પણ શત્રુંજય તીર્થની યાત્રા કરાવી તેમને પણ ભવ્યત્વની છાપ લગાડીએ અને પરિવારે સ્વદ્રવ્યથી દાદાની જાત્રા ઠાઠમાઠથી સુખરૂપ કરાવી.

કહેવાય છે કે આપણે તો નિમીત માત્ર છીએ. પરમાત્માની કરૂણાથી જ કાર્યો થતા હોય છે.

''તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે''

બડગરા સંઘ તરફથી અને અમારા પરિવાર તરફથી પરિવારની ખૂબ ખૂબ અનુમોદના તેમણે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી.

**લી. સંગીતા વસંત પોલડીઆ, બડગરા**

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર દ્વારા પરમતારક શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી રજત ધ્વજા સહ ત્રિહાનિકા મહોત્સવ

શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર દ્વારા પરમતારક શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી રજત ધ્વજા સહ ત્રિહાનિકા મહોત્સવ ખૂબજ ધર્મમય અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવેલ. ગુરૂવાર તા. ૨૫.૧૨.૨૦૨૫ બપોરે ૩ વાગેથી શ્રી પાર્શ્વપંચકલ્યાણક પૂજા શ્રી કુંથુનાથ મહિલા મંડળ દ્વારા ભણાવવામા આવેલ ત્યારબાદ મહાજન દ્વારા ચૌવિહાર રાખવામાં આવેલ. મહેંદી અને સાંજીમાં સર્વે જ્ઞાતિજનોએ હરખથી ભાગ લીધેલ.

ત્રિહાનિકા મહોત્સવના પ્રથમ દિવસે શુક્રવાર તા. ૨૬.૧૨.૨૦૨૫ સવારે પ.પૂ. નંદિષેણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી શાસનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી સુનયનાશ્રીજી મ.સા.નું મંગલ પ્રવેશ કચ્છના પ્રસિદ્ધ ઢોલી અને શરણાઈના સૂર સાથે થયેલ. સર્વપ્રથમ શ્રી હસ્તીનાપુર નગરી અને શ્રી શાલીભદ્ર ભોજન મંડપનું ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન લાભાર્થી પરિવાર માતુશ્રી મુરબાઈ જવેરચંદ વેલજી લોડાયા પરિવાર (સાંયરા-રાયપુર) દ્વારા કરવામાં આવેલ. જિનાલય દર્શન વંદન બાદ નવકારશીના લાભાર્થી સ્વ. હંસાબેન ખીમજી નેણશી મોતા પરિવાર (વારાપધ્ધર-ભાટાપારા) હતા. શ્રી કુંભ સ્થાપનાના લાભાર્થી માતુશ્રી હીરાબેન ભવાનજી હીરજી શાહ પરિવાર(જખૌ-રાયપુર), શ્રી દિપક સ્થાપનાના લાભાર્થી માતુશ્રી નવલબેન મેઘજીભાઈ લાલકા પરિવાર (વારાપધ્ધર-રાયપુર), શ્રી જવારારોપણના લાભાર્થી શ્રી યોગેશ પદમશીભાઈ દંડ પરિવાર (મંજલ રેલડીયા-ભિલાઈ), શ્રી નવગ્રહ પાટલા પૂજનના લાભાર્થી શ્રી ગિરીશ મણીલાલ











નાગડા પરિવાર (લાલા-ઈન્દોર), શ્રી દશદિકપાલ પૂજનના લાભાર્થી માતુશ્રી વિજયાબેન જેઠાભાઈ લાલકા પરિવાર (વારાપધ્ધર-રાયપુર), શ્રી અષ્ટમંગલ પાટલા પૂજનના લાભાર્થી માતુશ્રી રાજબાઈ મેઘજી મોતા પરિવાર (લાલા-ભિલાઈ), ત્યારબાદ શ્રી સાધર્મિક સ્વામી વાત્સલ્ય અને શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેકના લાભાર્થી માતુશ્રી ચંપાબાઈ ઉમરશી શાહ પરિવાર (જખૌ-ધમતરી-બેંગ્લોર), ચૌવિહારના લાભાર્થી માતુશ્રી માયાબેન રતીલાલ શાહ પરિવાર (રાયપુર), સંધ્યા આરતી મંગલ દિપક બાદ શ્રી મહાકાલી માતાજીની ભક્તિભાવના શ્રી મનહર ચત્રભુજ શાહ પરિવાર, શ્રી તરૂણ શીવજી લોડાયા પરિવાર, શ્રી દીપાંશુ ઉમેશ નાગડા પરિવાર દ્વારા રાખવામાં આવેલ. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ.

શનિવાર તા. ૨૭.૧૨.૨૦૨૫ના સ્નાત્ર પૂજા બાદ નવકારશીના સંયુક્ત લાભાર્થી માતુશ્રી જેતબાઈ ગોવિંદજી મોમાયા પરિવાર (સાંયરા-રાયપુર) અને માતુશ્રી હંસાબેન ભરતભાઈ નાગડા પરિવાર (નલીયા-રાયપુર) હતા. સવારે ૯ વાગેથી ભવ્યાતિભવ્ય વરઘોડામાં શ્રી પ્રભુજીનો રજતરથ રાધે બગ્ગીમાં વિભિન્ન પ્રકારની વેશભૂષામાં બાલક અને બાલિકાઓને સાથે શ્રી કુંથુનાથ જિનાલયના સ્વપ્નદૃષ્ટા અને ક.દ.ઓ.ના જ્ઞાતિ ગૌરવ એવા શ્રી રતિલાલ કેશવજી શાહ અને માતુશ્રી જયાબેન રતીલાલ શાહ (જખૌ-રાયપુર)ના પ્રતિરૂપ એમના નાના પૌત્ર મીત ગિરીશ શાહ અને પૌત્રવધુ સૌ. ભક્તિ મીત શાહ પણ બગ્ગીમાં બેઠા હતા. એમની સાથે રાયપુરના મુમુક્ષુરત્નો પણ વર્ષીદાનના વરઘોડામાં સાથે ઢોલ અને શરણાઈ બેન્ડ પાર્ટીની સાથે જિનાલયમાં આવતા પ.પૂ. સાધ્વી શ્રી હંસકીર્તિજી મ.સા. આદિઠાણા-૩ અને અચલગચ્છ સાધ્વી પ.પૂ. નંદિષેણાશ્રી જી મ.સા.ના પ્રેરક પ્રવચન











ધર્મસભા, મુમુક્ષુઓનું બહુમાન, રાયપુરના વિભિન્ન જિનાલયના ટ્રસ્ટીઓ અને વિશિષ્ટજનોનું મોમેન્ટો, શાલ, શ્રીફળ સાથે બહુમાન કરવામાં આવેલ. બપોરે શ્રી સાધર્મિક સ્વામી વાત્સલ્યના સંયુક્ત લાભાર્થી માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) અને માતુશ્રી ભીમલતાબેન પાનાચંદ લોડાયા પરિવાર (તેરા-રાયપુર) હતા. બપોરે શુભ મુહુર્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજનના લાભાર્થી શ્રી ધરમચંદજી લુંકડ પરિવાર-રાયપુર હતા. સાંજના ચૌવિહાર છત્તીસગઢની વિભિન્ન નિયાણી બહેનો દ્વારા રાખવામાં આવેલ. સાંજના શ્રી નલીયા ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનના પ્રમુખ શ્રી મૂલચંદ પદમશી મોતા દ્વારા કચ્છી દશા ઓસવાલના ઈતિહાસની ઝલક ખૂબજ સારી રીતે રાખેલ. અને રાયપુર મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫ વર્ષની ઉન્નતીની સારી ઝાંકી પેશ કરેલ. શ્રી મુલચંદ પદમશી મોતા (નલીયા મહાજનના પ્રમુખ), શ્રી ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ મહાજન-મુંબઈ) શ્રી ભદ્રેશ મુલજી પટેલ (સાંયરા-મુંબઈ)ના શાલ, મોમેન્ટો, શ્રી ફળ સાથે બહુમાન બાદ રાયપુરના વિભિન્ન મંડળના અધ્યક્ષ વોર્ડ પાર્ષદોનું પણ બહુમાન કરવામાં આવેલ. ભક્તિસંધ્યામાં રાયપુરની વિભિન્ન મહિલા મંડળો દ્વારા ભક્તિગીત રાખવામાં આવેલ.

રવિવાર તા. ૨૮.૧૨.૨૦૨૫ના શ્રી સ્નાત્ર પૂજા બાદ નવકારશીના લાભાર્થી માતુશ્રી માનબાઈ ચત્રભુજ શાહ પરિવાર (જખૌ-રાયપુર) સવારે ૮.૩૦ વાગેથી સત્તરભેદી પૂજાના લાભાર્થી સૌ. મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર (જખૌ-રાયપુર) હતા. શુભ મુહુર્તે શ્રી કુંથુનાથ જિનાલયની વિશેષ રૂપે સુરતની તૈયાર રજતધ્વજારોહણના લાભાર્થી પરિવાર માતુશ્રી માનબાઈ ચત્રભુજ શાહ પરિવાર અને માતુશ્રી જયાબેન રતિલાલ શાહ પરિવાર (જખૌ-રાયપુર) દ્વારા ધ્વજારોહણ કરવામાં આવેલ. બપોરે શ્રી સાધર્મિક સ્વામીવાત્સલ્યના લાભાર્થી માતુશ્રી જયાબેન રતીલાલ શાહ પરિવાર (જખૌ-રાયપુર) હતા. બપોરે વિજય મુહુર્તે શ્રી રઘુશાંતિપૂજનના લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) હતા.











અચલગચ્છ ગુરૂમંદિરની ધ્વજાનો માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) એ લાભ લીધેલ.

સાંજના ચૌવિહારના સંયુક્ત લાભાર્થી શ્રી મહેશ હીરજી શાહ પરિવાર (જખૌ-રાયપુર) અને શ્રીમતી સૂરજદેવી સોનરાજ કોચર પરિવાર (રાયપુર) હતા. સંધ્યા મહાઆરતી મંગલદિપકનું સુંદર નૃત્ય બહેનોએ આયોજીત કરેલ. ત્યારબાદ સૌ. શીતલબેન વ્યાસ દ્વારા સુંદર ભક્તિગીતો સાથે રાસગરબાની સારી રમજટ જમાવેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ પધારેલ સર્વે જ્ઞાતિજનો, નિયાણી બહેનો અને લાભાર્થી પરિવારોનું, શ્રી રાજાભાઈ નંદુ અને એમની ટીમ, સૌ. શીતલબેન વ્યાસ, દેરાસરના સ્ટાફ, ફોટોગ્રાફર, ટેન્ટવાલા, કેટરીંગવાલા, સાઉન્ડ અને લાઈટવાલા સર્વેનું બહુમાન કરેલ અને સર્વેનો આભાર માનેલ. શ્રી વિનય મિત્ર મંડળ દ્વારા જયપુર ફુટ શિબીરમાં મહાજન દ્વારા ૧૭ વિકલાંગજનોને જયપુર ફુટનું વિતરણ કરવામાં આવેલ. રાયપુરના વિભિન્ન આશ્રમોમાં ફળ, મિષ્ઠાનનું વિતરણ કરવામાં આવેલ.

સોમવાર તા. ૨૯.૧૨.૨૦૨૫ના સવારે શુભ મુહુર્તે દ્વારોદ્‌ઘાટનના લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર (સુજાપુર-રાયપુર) હતા. બાદ નવકારશીનો લાભ લઈ સર્વે છૂટા પડેલ.

વિશેષ રૂપે પ.પૂ. સાધ્વી શ્રી નંદિશ્રેણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ને જબલપુર (મ.પ્ર.)થી રાયપુર સુધીના વિહારમાં શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, શ્રી ભરત નારાયણજી મૈશેરી, શ્રી જયેશ કલ્યાણજી નાગડા, શ્રી મિલન ઉત્તમચંદ મૈશેરીએ ખૂબજ સારી રીતે વિહાર કરાવેલ. સૌ. રૂપલ અંકિત દંડ અને સૌ. નેહા જિગ્નેશ મોતા (ભિલાઈ) પણ વિહાર સેવામાં જોડાયેલ તેમની સર્વે જ્ઞાતિજનોએ ખૂબ ખૂબ અનુમોદના કરેલ. સંપૂર્ણ મહોત્સવ દરમિયાન જીવદયા કાર્ય ગૌશાળામાં ઘાસચારો, કૂતરાઓને-ગાયોને રોટલી ગોળ ખવડાવવામાં આવેલ. જીવદયાના કાર્યોમાં શ્રી નિતેશ ઉમરશી મૈશેરી, શ્રી કપિલ નારાયણજી મૈશેરીની ખૂબ જ સારી રીતે કાર્ય કરવા બદલ ખૂબ ખૂબ અનુમોદના અને આભાર માનેલ.

શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી રજત ધ્વજા સહ ત્રિહાનિકા મહોત્સવમાં શ્રી ઉત્તમચંદ, શ્રી ખીમજી મૈશેરી, શ્રી હીરાચંદ






